# Fun with Family

Day-40 | 08 May, 2020



## "FWF Song"

One Two Three, Are You Free ?

Four Five Six, કરો Time Fix

Seven Eight Nine

આ કાર્યક્રમ છે Fine

One Zero Ten

Why Are You Waiting Then ?

Don't Wait... Click and Open Quickly

Here is Today's Fun With Family





## "મૂંછાળો મરદ"

બાળમિત્રો, આજે જુદા જુદા પ્રકારની 'મૂંછ' આપણા ચહેરા પર બનાવીશું... જોઈએ તો ખરા... મોટા થઈએ ત્યારે કઈ મૂંછ શોભશે...? લીંક દબાવી જુદી જુદી મૂંછના ફોટોગ્રાફ્સ જુઓ... અને તમારા ચહેરા પર બનાવો...

https://bit.ly/2L7vrpY

## "Bangle Queen"

બાલિકા મિત્રો, તમારે આજે જુદા-જુદા પ્રકારની બંગડી પહેરવાની છે... જોઈએ... કોણ સૌથી સુંદર બંગડી પહેરે છે... Good Luck...



## "દેશી રોટલો"

હવે, રોટલો બનાવતા શીખીશું... મમ્મીને Request કરો અને રોટલો બનાવો... લીંક દબાવો અને રોટલો બનાવતા શીખો... રોટલો તો બહું જ પૌષ્ટિક ખોરાક કહેવાય...

https://bit.ly/2SINIOT





## "QUIZ TIME"

https://bit.ly/2SINgQH | Guj.

https://bit.ly/2YG6tWK | Hin.

https://bit.ly/2YHUckQ | Eng.

## "Pencil ની સફર"

મિત્રો, ચાલો આજે જોઈએ કે એક Pencil આપણા હાથમાં પહોંચે તે પહેલા તે કેવી કેવી મુશ્કેલીમાંથી પસાર થાય છે... લીંક દબાવો અને માણો...

https://bit.ly/3ceNDKi



## "લોટની દુનિયા"

હવે, મમ્મી સાથે મીટીંગ કરો... અને કેટલા પ્રકારના 'લોટ' ઘરમાં હાજર છે તે જાણો... ઘઉંનો, બાજરીનો, ચણાનો... અને નીચેના પ્રશ્નોના જવાબ મેળવો...

પ્ર. ૧ - આ લોટનું નામ શું છે ?

પ્ર. ૨ - આ લોટ શેમાંથી બને છે ?

પ્ર. ૩ - આ લોટમાંથી કઇ વાનગી બનાવી શકાય ?






## "BAPS STARS"


ચાલો, આજે BAPS ના બે બાળ તારલાઓને મળીએ... ભાવનગરના આ બે બાળકોની ભક્તિ જોઈને તમે આશ્ચર્યચકિત થઇ જશો... લીંક દબાવો અને વાંચો...

https://bit.ly/3fzQAaH

## "સ્વામિનારાયણ હરે..."

લીંક દબાવો અને સ્વામીની વાતોની અદ્ભુત QUIZ માં ભાગ લો... જોઈએ... કોણ પૂરા માર્ક્સ મેળવી શકે છે...

https://bit.ly/2SKe0QI



## "FOOTBALL STAR"

ચાલો, World Best Football Star બનીએ... લીંક દબાવો અને રમત રમતાં-રમતાં પ્રેક્ટીસ કરો...

https://bit.ly/3dmOclB




## ''Waste માંથી શ્રેષ્ઠ''



પેન્સિલના છોલમાંથી પણ ખૂબ સુંદર ચિત્ર થઇ શકે છે...
ચાલો, તે શીખીએ...
લીંક દબાવો અને શીખો...

https://bit.ly/2L7tPfU

## ''LOGO પહેચાનો''

હવે, એક Challenge છે...
બાજુમાં આપેલા "LOGO" કઇ કંપનીના છે?
લોગો દોરીને તેની નીચે કંપનીનું નામ લખો...
વિચારો... વિચારો...



# "સંબંધની મોજ-મજા"

તમે ભલે નાના છો, પરંતુ તમારે તમારા કુટુંબીઓના સંબંધ વિશે જાણવું જોઇએ. અને કદાચ તમે ઘણું જાણતા પણ હશો. પરંતુ તમારું જ્ઞાન નીચેના પ્રશ્નોના જવાબ આપી તપાસો.

૧. શીલાની માતાના ભાઇનો રમણ દીકરો છે. તો શીલા રમણની શી સગી હશે?

૨. એક ઘરમાં મા-દીકરો, બાપ-બેટો, ભાઇ-બહેન, પતિ-પત્ની, બાપ-બેટી, મા-દીકરી છે. તો તે ઘરમાં ઓછામાં ઓછા કેટલા સભ્યો હશે ?

3. તમે કોની માના પતિના દીકરા ?

૪. તમારી માસીને એક જ બહેન હોય, તો માસીની બહેનના પુત્રના પિતાજી તમારા શું થાય ?

૫. તમારા નાનાને એક જ પુત્રી હોય અને એ પુત્રીને એક જ ભાઇ હોય, તો તમારે કેટલા મામા થાય ?

૬. તમારા દાદાજીના એકમાત્ર દીકરાના તમે ત્રણ પુત્રો છો. તો તમારે કેટલા સગા કાકા હોય ?

૭. તમારા દાદાજીને એક પુત્ર અને બે પુત્રી હોય, તો તમારી ફોઇના ભાઇની કેટલી બહેનો હોય ?

જવાબ: ૧. ફોઈની દીકરી-બહેન, ૨. ચાર(પતિ, પત્ની, પુત્ર, પુત્રી) 3. ભાઇ કે બહેનની ૪. પિતાજી ૫. એક ૬. એક પણ નહિ ૭. બે



Fun with Family



## "COIN FLIP"

રમત રમવા થઈ જાઓ તૈયાર...
લીંક દબાવો અને અદ્ભુત રમત શીખો...

https://bit.ly/2SIT7FF

## ''પટાકું બચ્ચા''



બાળમિત્રો, હવે આપ સૌ નવા ધોરણમાં પ્રવેશી ચૂક્યા છો...

- ઘરે રહીને જ આપે નવા ધોરણના અભ્યાસની શરૂઆત કરી દીધી હશે બરાબર ને...?
- નવા ધોરણમાં વધુ ટકા લાવવા તેવું નક્કી પણ કર્યું હશે... પરંતુ...
- કેવી રીતે વાંચવું?... Notes કેમ બનાવવી ? વગેરે અભ્યાસ સંબંધી ઘણા પ્રશ્નો તમને મૂંઝવતા હશે... તો Fun With Family તેનો પણ ઉકેલ લાવ્યું છે...
- હવેથી FWF માં રોજ આપને એક Study Trick પણ શીખવવામાં આવશે...
- પણ આજે... તમને અભ્યાસલક્ષી જે પણ કોઈ પ્રશ્નો મૂંઝવતા હોય કે જેનું માર્ગદર્શન જોઈતું હોય... તો તે પ્રશ્નો લખીને અમને મોકલી આપો... (9998999209)
- પણ યાદ રાખજો બાળમિત્રો, આપણે વિદ્યાર્થી નંબર-૧ બનવાનું છે... OK... Good Luck...






# "My Guru, My Life"

ચાલો, ગુરુહરિ મહંતસ્વામી મહારાજની દર્શન-સ્મૃતિ કરીએ...
લીંક દબાવો અને વિડીયો માણો...

https://bit.ly/2YIOhvV



Story Time

# મહાન ભક્ત ચૈતન્ય મહાપ્રભુ



ચૈતન્ય મહાપ્રભુનો જન્મ બંગાળના નદિયા (નવદ્વીપ) શહેરમાં સને ૧૪૮૬માં થયો હતો. તેમનું મૂળ નામ નિમાઈચંદ્ર હતું. લોકો તેમનું તેજસ્વી શરીર જોઈ તેમને 'ગૌરાંગ' પણ કહેતા. તેમને સોના-રૂપા કરતાં ભાગવત જેવા ગ્રંથો સાથે રમવાનું ગમતું હતું.

નિમાઈ સંસ્કૃતમાં ન્યાય અને અલંકારમાં ખૂબ હોશિયાર હતા. એકવાર તેઓ પોતાના મિત્ર રઘુનાથ સાથે ગંગામાં નૌકાવિહાર કરતા હતા. ત્યારે નિમાઈએ ન્યાય પર લખેલા પોતાના ગ્રંથની વાત કરી. નિમાઈએ લખેલો ગ્રંથ ખરેખર બેજોડ હતો.







એ સાંભળી રઘુનાથ રડવા લાગ્યો. તેણે કહ્યું, 'મેં પણ ન્યાય પર 'દીધિચી' નામે ગ્રંથ લખ્યો છે, પણ આપનો ગ્રંથ વધુ સારો છે. હવે મારો ગ્રંથ નકામો થઈ ગયો.' ત્યારે નિમાઈએ મિત્ર માટે પોતાના ગ્રંથને ગંગામાં પધરાવી દીધો ! રઘુનાથ આશ્ચર્ય પામી ગયો !

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**


એકવાર કેશવ નામના કાશ્મીરી પંડિતે શાસ્ત્રાર્થ માટે આગ્રહ કર્યો. નિમાઈએ કહ્યું, 'આપ ગંગાજી વિશે શ્લોક રચી આપો. હું આપની પાસે હારેલો જ છું.' કેશવ પંડિત ૧૦૦ શ્લોકો બોલ્યા. નિમાઈએ દરેક શ્લોકમાં ભૂલ બતાવી. તેથી કેશવ નિમાઈના શિષ્ય બની ગયા.





એકવાર ઈશ્વરપુરી નામના ભક્તે 'શ્રીકૃષ્ણલીલામૃત' નામનો પોતાનો ગ્રંથ નિમાઈને વાંચવા આપ્યો. એ વાંચી નિમાઈ કૃષ્ણભક્તિમાં લીન બની ગયા અને સમગ્ર ભારતમાં ફરી 'હરિહરિ બોલ, બોલ હરિ બોલ !...' ની ધૂન ગાઈ કૃષ્ણભક્તિનો સંદેશો આપવા લાગ્યા.


જીવનનાં અંતિમ વર્ષોમાં તેઓ જગન્નાથપુરી સ્થિર થયા હતા. શ્રીકૃષ્ણનું સ્મરણ કરી તેમણે ૪૮ વર્ષની ઉંમરે જળસમાધિ લીધી હતી. તેમનામાંથી પ્રેરાઈ શ્રીભક્તિવેદાંત  સ્વામીએ 'ઈસ્કોન' નામે સંસ્થા સ્થાપી કૃષ્ણભક્તિને સમગ્ર વિશ્વમાં પહોંચાડી હતી.



બોધ : મિત્ર માટે કુરબાની અને ભક્તિનો બોધ મહાન ભક્ત ચૈતન્ય મહાપ્રભુ સૌને આપી ગયા.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Incredible Facts



**Giraffes** sleep only 20 minutes a day.



**If** you sneeze too hard, you can fracture a rib.

**If** you try to suppress a sneeze, you can rupture a blood vessel in your head or neck and die.


**If** you keep your eyes open by force, they will pop out.



**Tsunami** travels as fast as jet planes.


Like fingerprints, everyone's **tongue print** is different.





**A duck's** quack doesn't echo, and no one knows why.

**It is** physically impossible for **pigs** to look up into the sky.





A giant **mushroom** in Oregon is over 2,400 years old and is still growing.





























**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**“Fun with Family” ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/2Wft8b3



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. ( **9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ